લાખોંદ પાટીયા નજીક નેપાળના યુવકની હત્યા કરાઈ

ભુજ, શનિવાર

તાલુકાના લાખોંદ ગામના પાટીયા નજીક હાઈવે પર નેપાળના યુવકની હત્યા કરાઈ હતી નેપાળથી સાથે મજુરી કામ માટે આવેલા બે મિત્રો વચ્ચે બોલાચાલી થઈ અને મામલો બિચકતા ૪૫ વર્ષીય યુવકને માથાના ભાગે ટામી ફટકારી મોતને ઘાટ ઉતારી દેવાયો હતો.

પદ્ધર પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ નેપાળના ૪૫ વર્ષીય રાજેન્દ્ર યાદવની હત્યા કરાઈ હતી. હતભાગી યુવક તેના ગામના આરોપી મિત્ર ભીમા સાથે શનિવારે સવારે નેપાળથી મજુરીકામ માટે આવ્યો હતો. બપોરે સાથે જમ્યા બાદ બન્ને વચ્ચે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. જેથી મૃતક અન્ય લોકોને બોલાવવા માટે ગયો એ દરમિયાન આરોપીએ નજીકમાં આવેલ પંચરની દુકાન પરથી ટામી લીધી અને મિત્રને માથા અને છાતીના ભાગે ફટકારી ગંભીર ઈજાઓ પહોચાડી મોતને ઘાટ ઉતારી દીધો હતો. પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સજા માટે

(પહેલા પાનાનું ચાલુ)

શકાય. સજા આપવા માટે પુરાવા હોવા પણ એટલા જ જરૂરી છે. આ સમગ્ર મામલામાં પીડિતાના નિવેદનનો એક હિસ્સો સ્વીકાર કરવામાં આવ્યો છે જ્યારે બીજો હિસ્સો રદ કરી દેવામાં આવ્યો છે. આ સમગ્ર મામલો આઈપીસીની કલમ ૩૬૬ અને ૩૭૬ સાથે જોડાયેલો છે. ટ્રાયલ કોર્ટે ૨૦૧૨માં એક કલમમાંથી આરોપીને મૂક્ત કર્યો હતો જ્યારે બીજી કલમ ૩૭૬ હેઠળ રેપ બદલ દોષિત ઠેરવ્યો હતો.

સીઈસી અંગે

(પહેલા પાનાનું ચાલુ)

અને કેટલીક કોપી ડેપ્યુટી ઈલેક્શન કમિશનરોને પણ મોકલાઈ હતી. ઈન્ડિયન એક્સપ્રેસે વધુમાં દાવો કર્યો હતો કે તેણે આ તમામ વાતચીત પત્રવ્યવહારોની યોગ્ય રીતે તપાસ કરી છે, નવી દિલ્હી, કોલકાતા, ગોવા, મુંબઈમાં અનેક અધિકારીઓના ઈન્ટરવ્યૂ પણ કર્યા છે. ૨૧ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી પંચને એક ઈમેલ મોકલવામાં આવ્યો અને બન્ને ચૂંટણી કમિશનરોના આરોપો મુદ્દે જવાબ માગવામાં આવ્યો હતો. જોકે કોઈ જ જવાબ આવ્યો નહોતો.

'સર' અંગેના

(પહેલા પાનાનું ચાલુ)

હાજર રહેવાનું હોય છે અન્યથા હાજર રહેવું ફરજિયાત નથી. કેબિનેટ સચિવને લખવામાં આવેલો પત્ર ચૂંટણી પંચ કે આઈટી ડિવીઝનની પોલિસીના કોઈ મામલા સાથે જોડાયેલો નથી. આ પત્ર ચૂંટણી પંચમાં ડેપ્યુટેશન પર આવેલા એક અધિકારીના કામકાજ સાથે જોડાયેલો છે.

ચૂંટણી પંચની આ સ્પષ્ટતા વચ્ચે કોંગ્રેસે ફરી આરોપો લગાવ્યા હતા, કોંગ્રેસે દાવો કર્યો હતો કે ચૂંટણી પંચ ડેમેજ કન્ટ્રોલ કરવા માગે છે. હાલમાં જે એસઆઈઆર પ્રક્રિયા ચાલી રહી છે તેને તાત્કાલીક રદ કરવામાં આવે. ગમે એટલો બચાવ કરી લો જ્ઞાનેશ કુમારે રાજીનામુ આપવું જ પડશે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી જયરામ રમેશે કહ્યું હતું કે ચૂંટણી પંચ ડેમેજ કન્ટ્રોલ મોડ પર આવી ગયું, ચૂંટણી પંચના પ્રેસનોટમાં ક્યાંય પણ આરોપોને નકારવામાં નથી આવ્યા કે મીડિયા રિપોર્ટ જુઠા હોવાનું કહેવામાં નથી આવ્યું.

યુરોપમાં રશિયા

(પહેલા પાનાનું ચાલુ)

રેન્જ ૬૦૦ કિ.મી.ની હોવાનું કહેવાય છે. ગમે તે કોમર્સિયલ જહાજ પર આ પ્રકારના ડ્રોન લાઈ શકાય છે. આ જાણકારી સીઆઈએના ડિરેક્ટર રેટક્લિફે ૨૫ ઓગસ્ટના રોજ કરેલી મોસ્કો યાત્રા પછી તરત જ લિથુઆનિયા અને અન્ય દેશોને આપી હતી. રેટક્લિફ અમેરિકાના લશ્કરી વિમાનમાં ગયા હતા, જે રસ્તામાં રીગા ખાતે રોકાયું હતું. પરંપરાગત હવાઈ હુમલાની તુલનાએ સમુદ્રમાં છૂપાયેલા ડ્રોનથી હુમલો કરવો વધારે જટિલ હોય છે, પરંતુ તેને છૂપાવવા સરળ હોય છે. ગેરબેરા જેવા ડ્રોનની રેન્જ ૬૦૦ કિ.મી. સુધીની હોવાથી કિનારાથી ઘણે દૂર સમુદ્રમાં રહીને પણ લક્ષ્ય સુધી પહોંચી શકાય છે.

એક જહાજ પર કેટલાય ડ્રોન હોય છે. તેના કારણે એકસાથે અનેક લક્ષ્યાંકો સુધી હુમલો થઈ શકે છે. આ ઉપરાંત એક જ વિસ્તાર પર મોટાપાયા પર હુમલો થઈ શકે છે. યુરોપીયન દેશો માટે આ ભય વધુ મોટો છે, કેમકે સ્પેન, ફ્રાન્સ અને ઈટાલી ભૂમધ્ય સમુદ્રના મહત્ત્વના દેશ છે. અહી મોટા બંદરો, લશ્કરી થાણા, ઉર્જા સગવડો અને ભારે વસ્તીવાળા શહેર છે. હવે જો કોઈ ડ્રોન હુમલો થાય છે તો ફક્ત ભૌતિક નુકસાન થશે એટલું જ નહીં, આખા વિસ્તારમાં સુરક્ષાનો માહોલ પણ બગડશે. આ હુમલો કોઈ એક દેશને ધ્યાનમાં રાખીને પણ કરવામાં આવી શકે છે, પરંતુ તેના લીધે આખા યુરોપમાં સતર્કતા વધી ગઈ છે.

યુરોપીયન સરકારો હવે પોતાના દરિયાકિનારાના વિસ્તારોની સુરક્ષા વધુ સઘન બનાવી શકે છે. વ્યાપારી જહાજોનું તપાસ વધુ આકરી થવાની સંભાવના છે. ડ્રોનની ઓળખ અને તેમને રોકવા માટે વર્તમાન એર ડિફેન્સ સિસ્ટમને વધુ સક્રિય કરી શકાય છે. નાના ડ્રોન પારંપરિક રાડાર પર સરળતાથી પકડાતા નથી. તેથી ઘણી નવી ટેકનોલોજી અને વધુ દેખરેખની જરૂર પડે છે. આ ચેતવણી યુરોપમાં ચાલતા ભૂરાજકીય તનાવ વચ્ચે આવી છે. યુક્રેનને મદદ કરવા બદલ રશિયા-પશ્ચિમી દેશો વચ્ચેના સંબંધો પહેલેથી જ તનાવપૂર્ણ છે. આ સંજોગોમાં ડ્રોન હુમલાથી ફક્ત લશ્કરી સલામતી જ નહીં નાગરિક સલામતીના પાસા પણ તેની સાથે જોડાયેલા છે. જો કે આ ચેતવણી છે, હુમલો થશે જ તેવું નથી. આમ છતાં આ બાતમીના આધારે યુરોપીયન દેશ તેમની તૈયારી ઝડપી કરી શકે છે. બંદરો પર કન્ટેનર સ્કેનિંગ, પેટ્રોલિંગ અને ડ્રોન ડિટેક્શન સિસ્ટમ પર ભાર મૂકી શકાય છે. પ્રજાકીય સ્તરે અફવાઓથી બચવા અને સત્તાવાર સૂચનાઓ પર ભરોસો કરવાની સલાહ આપી શકાય છે.

મુંબઈમાં ખાદ્ય

(પહેલા પાનાનું ચાલુ)

ભેળવવામાં આવ્યું હતું.

ત્યારબાદ પેકેટોની સામગ્રીને અલગ કરીને તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેના પરિણામે ૯.૪૦ કિલો વિદેશી મૂળનું સોનું મળી આવ્યું હતું. કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ની સંબંધિત કલમ હેઠળ આશરે ૧૪.૮૧ કરોડ રૂપિયાનું આ સોનું કબ્જે કરવામાં આવ્યું હતું.

પૂછપરછ દરમિયાન ત્રણ મુસાફરોએ કથિત રીતે સ્વીકાર્યું કે તેઓ એક સંગઠિત સોનાની દાણચોરી કરતી સિન્ડિકેટ માટે કુરિયર તરીકે કામ કરતા હતા. આ માહિતીના આધારે ડીઆરઆઈએ સિન્ડિકેટની ઓળખ કરી છે અને હવે તેના વ્યાપક નેટવર્કની તપાસ કરી રહી છે.

આ કેસથી સોનાને છુપાવવાની એક નવી પદ્ધતિ પ્રકાશમાં આવી છે. જેમાં કિંમતી ધાતુને પાવડરમાં ભેળવીને સામાન્ય રીતે લઈ જવામાં આવતા પેકેજ્ડ ખાદ્ય ઉત્પાદનો સાથે કુશળતાપૂર્વક ભેળવવામાં આવતી હતી. એજન્સી એ પણ તપાસ કરી રહી છે કે શું સિન્ડિકેટ અન્ય દાણચોરીમાં પણ આ જ પદ્ધતિનો ઉપયોગ કરતી હતી.

આ જપ્તી ઘઉંના સંગઠિત સોનાની દાણચોરીના નેટવર્કને શોધવા અને એરપોર્ટ સ્ક્રીનીંગ અને કસ્ટમ્સ તપાસને ટાળવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ ઓળખવાના સતત પ્રયાસોનો એક ભાગ છે.

ચીને તિબેટમાં

(પહેલા પાનાનું ચાલુ)

તિબેટના નાગરિકોને ધાર્મિક સહિતના અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા છે.

નોંધનીય છે કે વાંગચુકે લદ્દાખમાં તાજેતરમાં રેલીને સંબોધતા કહ્યું હતું કે લદ્દાખના લોકોએ લોકશાહીને કારણે ભારતને પસંદ કર્યું હતું. પણ હાલ લદ્દાખમાં એવો અત્યાચાર થઈ રહ્યો છે જેવો ચીન દ્વારા તિબેટમાં પણ નથી કરાઈ રહ્યો. સોનમ વાંગચુક ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫ના લદ્દાખમાં થયેલા વિરોધ પ્રદર્શનોને યાદ કરીને આ નિવેદન આપી રહ્યા હતા, તેમણે કહ્યું હતું કે આ પ્રદર્શનમાં પ્રશાસનની કાર્યવાહીમાં ચાર લોકોના મોત નિપજ્યા હતા જ્યારે ૯૦ લોકો ઘાયલ થયા હતા. પ્રદર્શન કરી રહેલા નિર્દોષ યુવાનો પર હથિયારોથી ગોળીબાર કરવામાં આવ્યો. મને જેલમાં ધકેલી દેવામાં આવ્યો, તમામ અત્યાચારો થયા હવે માત્ર મારુ એન્કાઉન્ટર થવાનું બાકી રહ્યું છે.

AIથી ઓટોનોમસ

(પહેલા પાનાનું ચાલુ)

નહીં, પરંતુ માણસોના હસ્તક્ષેપ વિના વિવિધ સરકારી વિભાગો વચ્ચે સેકન્ડોમાં સંકલન સાધીને પ્રોબ્લેમ સોલ્વ પણ કરશે.

ઉદાહરણ તરીકે, જો શહેરના કોઈ મેઈન રોડ પર પીવાના પાણીની પાઈપલાઈન ફાટે, તો એઆઈ એજન્ટ્સ વોટર પ્રેશરમાં થયેલા ફેરફારને તુરંત ટ્રેસ કરી લેશે. ત્યારબાદ સિસ્ટમ જાતે જ વોટર ડિપાર્ટમેન્ટને રિપેરિંગ ટીમ મોકલવા માટે એલર્ટ જનરેટ કરશે. ટ્રાફિકનું મોનિટરિંગ કરીને અસરગ્રસ્ત વિસ્તારોમાંથી વ્હીકલ્સને વૈકલ્પિક રૂટ પર ડાયવર્ટ કરશે. પહેલા કોઈપણ વિસ્તારના રહેવાસીઓને પાણીના કાપ અને ટ્રાફિક અંગે અપડેટ આપવામાં કલાકો જતા હતા. એઆઈ તેમને તુરંત જ વોટ્સએપ અથવા એસએમએસથી અપડેટ આપશે. પૂર, વાવાઝોડું કે ઈમરજન્સી જેવી સ્થિતિમાં એઆઈ વેધર ડેટા અને સેટેલાઈટ ઈમેજીસનું રિયલ-ટાઈમ એનાલિસિસ કરીને રાહત-બચાવ ટીમોને ચોક્કસ માર્ગદર્શન પૂરું પાડવામાં મદદરૂપ બનશે.

તેલંગણામાં ગણેશ વિસર્જનમાં પોલીસ સહિત ૧૩ લોકોનાં મોત, ૨૬ ઘાયલ

હૈદરાબાદ, તા. ૨૬

તેલંગાણામાં ગણેશ વિસર્જન દરમિયાન રાજ્યના અલગ અલગ વિસ્તારમા સબ ઈન્સ્પેકટર સહિત ૧૩ ના મોત અને ૨૬ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ડીજીપી સી.વી.આનંદે જણાવ્યું હતું કે રાજ્યમાં ગણેશ ઉત્સવના સમાપન પર આયોજીત વિસર્જન કાર્યક્રમ દરમિયાન ૧૩ લોકોના મોત થયા છે, જેમાં ડ્યૂટી પર તૈનાત એક પોલીસ સબ ઈન્સ્પેકટરનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ૨૬ લોકોને નાની મોટી ઈજાઓ થવા પામી છે.

ડીજીપીએ વધુમાં જણાવ્યું હતું કે આ મૃત્યુ ડુબવાથી, વીજળીનો કરંટ લાગવાથી કે અન્ય ટેકનીકલ કારણોસર થયા છે. ઈજાગ્રસ્તોની વિવિધ હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે. રાજ્યભરના વિવિધ બનાવો અંગેનો વિસ્તૃત અહેવાલ આવવાનો બાકી છે. રાજ્યભરમાં ગણેશ ઉત્સવના અંતિમ દિવસે મુખ્ય જળસ્ત્રોત, તળાવો અને કૃત્રિમ તળાવોમાં વિસર્જન માટે શ્રધ્ધાળુઓની ભારે ભીડ થઈ હતી. વહીવટીતંત્રએ શાંતિ જાળવી રાખવા, વાહન વ્યવહાર જાળવવા અને ભીડની વ્યવસ્થા માટે મોટી સંખ્યામાં પોલીસ બળ તૈનાત કરવામાં આવ્યું હતું.

રાજ્યના વિવિધ વિસ્તારોમાં ગણેશ ઉત્સવને લઈને સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવા છતાં અનિચ્છનીય ઘટનાઓ બનવા પામી છે. ડીજીપીએ આ વર્ષે ગણેશ પ્રતિમા સબંધીત આંકડાઓ પણ જાહેર કર્યા હતાં. સત્તાવાર રીતે સાર્વજનીક પંડાલોમાં ૧.૨૪ લાખ મૂર્તિઓ નોંધાઈ હતી. આ ઉપરાંત ઘરે, સોસાયટી, અને કોમ્યુનિટીમા સ્થાપિત કરવામાં આવેલા ગણપતિ ની સંખ્યા જોડવામાં આવે તો આ આંકડો સાડા ત્રણ થી ચાર લાખ વચ્ચે થવા જાય છે.

અર્નબ વાવાઝોડાંનો

(પહેલા પાનાનું ચાલુ)

૧૨૫.૮ મીમી વરસાદ ખાબક્યો હતો. ફરૂખાબાદમાં સામાન્ય કરતાં ૨૦૦ ગણો, કાનપુર નગરમાં ૧૬૦ ગણો અને કન્નૌજ, કાનપુર દેહાત તથા હરદોઈમાં ૧૩૦ ગણો વરસાદ પડ્યો હતો. ઉત્તર પ્રદેશમાં અનેક જિલ્લાની સ્કૂલો બંધ રખાઈ હતી. મેરઠથી પ્રયાગરાજને જોડતા રૂ. ૩૬,૫૦૦ કરોડના ખર્ચે બનાવાયેલા ગંગા એક્સપ્રેસ વે પર ઉન્નાવ નજીક સોનિક અને બશીરતગંજ વચ્ચે લગભગ અડધો કિ.મી. સુધી ૩ ફૂટ જેટલા પાણી ભરાતા એક્સપ્રેસ વે સ્વિમિંગ પૂલ બની ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી, જેથી વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. ઉત્તર પ્રદેશમાં ખાબકેલા વરસાદની અસર દિલ્હી-એનસીઆર સુધી અનુભવાઈ હતી. દિલ્હી, નોઈડા અને આજુબાજુના વિસ્તારોમાં શનિવારે સવારે કાળા વાદળ છવાયા હતા. દિલ્હીમાં હવામાન બદલાતા તાપમાન સાત ડિગ્રી જેટલું ગગડી ગયું હતું.

ઝારખંડમાં મૂશળધાર વરસાદના કારણે અનેક વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા, જેના કારણે સામાન્ય વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. બિરસા મુંડા એરપોર્ટ પર પ્રતિકૂળ હવામાનના કારણે છ ફ્લાઈટ રદ કરાઈ હતી. રાંચિ, જમશેદપુર સહિત અનેક જિલ્લામાં શનિવારે પણ સ્કૂલો બંધ રખાઈ હતી. પૂર્વ સિંઘભૂમ જિલ્લામાં સુવર્ણરેખા નદીમાં પાણી જોખમી સ્તરથી ૨.૦૨ મીટર ઉપર વહેતા હતા જ્યારે ખારકાઈ નદીમાં જોખમી સ્તરથી ૪.૫૦ મીટર ઊંચા પાણી ગયા હતા. રાંચિના હતિઆ, ગેતલસુદ સહિત અનેક બંધમાં જળસ્તર વધી ગયું હતું. ઉત્તરાખંડમાં મૂશળધાર વરસાદના કારણે આ વર્ષે અનેક વખત બંધ કરાયેલી ચારધામ યાત્રા ફરી એક વખત બંધ કરાઈ હતી. હવામાન વિભાગે અનેક જિલ્લામાં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કરતા સ્કૂલો બંધ રખાઈ હતી. હિમાચલ પ્રદેશના આદિવાસી જિલ્લાઓ, કિન્નૌરમાં સિઝનની પહેલી હિમવર્ષા થઈ હતી જ્યારે શિમલા અને ધર્મશાળા સહિતના વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ પડ્યો હતો. પર્વતીય વિસ્તારોમાં બે ઓક્ટોબર સુધી હળવાથી ભારે વરસાદ પડવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

છે. આ વિષયને એડ્રેસ કરવાની જરૂર છે. મૂઝવણ દુર કરવા માટે ચૂંટણી કમિશને ઝડપથી સ્પષ્ટતા કરવી જોઈએ.'

ફોર્મ ૬માં ફેરફાર ગેરકાયદેસર

કોંગ્રેસના મહામંત્રી અને સાંસદ જયરામ રમેશએ ચૂંટણી કમિશન પર ગંભીર આક્ષેપો કર્યાછે. એમના કહેવા પ્રમાણે એસઆઈઆરને કારણે પહેલી વખત મતદાન કરતા યુવાનોને જાણી જોઈને હેરાન કરવામાં આવી રહ્યા છે. આ બાબતે જવાબદારી નક્કી કરવાની માંગણી પણ એમણે કરી છે. ચૂંટણી કમિશને યુવાન મતદારો માટે વિશેષ નામાંકન શિબિર આયોજીત કરવાના નિર્ણયને પણ ચેલેન્જ કર્યોછે. એમનો આરોપ છે કે નવા મતદારોની નોંધણી મુશ્કેલ બનાવવા માટે ફોર્મ ૬માં ફેરફાર થયો હતો. આ ફેરફાર સંપૂર્ણ રીતે ગેરકાયદેસર અને ગેરબંધારણીય છે. એમનો આરોપ છે કે ફોર્મ ૬માં એક અનિવાર્ય હિસ્સો જોડવામાં આવ્યો છે જેમાં અરજદાર પાસે જાણકારી માંગવામાં આવી છે કે, એમના માતા-પિતા અથવા દાદા-દાદીએ છેલ્લા એસઆઈઆરમાં ભાગ લીધો હતો કે નહીં. આવા નિયમો મુશ્કેલી ઉભી કરે છે.

રામમંદિર દાનચોરી કેસમાં નવેસરથી તપાસની માંગ

અયોધ્યા રામ જન્મ ભૂમિ મંદિરમાં થયેલી દાનચોરીનો કેસ વધુ ગૂંચવાઈ રહ્યો છે. હવે એસઆઈટીની ચાર્જશીટ પર પણ ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. ભૂતપૂર્વ આઈપીએસ અને આઝાદ અધિકાર સેનાના પ્રમુખ અમિતાભ ઠાકુરએ ડીજીપીને પત્ર લખીને ચાર્જશીટ સંબંધે પોતાની નારાજગી જાહેર કરી હતી. અમિતાભ ઠાકુરનો આરોપ છે કે, તપાસમાં રોકડની ચોરી થયાની સેંકડો ઘટનાઓ અને ભૂલ સામે આવી હોવા છતાં અંતિમ ચાર્જશીટ ફક્ત ૮ લોકો સુધી જ સીમીત રાખવામાં આવી છે. આ કેસની ડીએનએસએસની કલમ ૧૯૩ (૯) હેઠળ ફરીથી તપાસ કરવાની માંગણી થઈ છે. પત્રમાં અમિતાભ ઠાકુરએ લખ્યું છે કે મીડિયા અને બીજા સ્ત્રોત મારફતે મળેલી માહિતી પ્રમાણે એસઆઈટીની શરૂઆતની તપાસમાં ૭૦ વિવિધ ઘટનાઓ બહાર આવી હતી. ત્યાર પછીની તપાસમાં આ સંખ્યા વધીને ૧૦૫ થઈ ગઈ હતી.

બેંક કર્મચારીઓની હડતાળનું સાચુ કારણ શું

દેશભરના બેંક કર્મચારીઓ અને અધિકારીઓ ૨૮થી ૩૦ સપ્ટેમ્બર સુધી ત્રણ દિવસની હડતાળ પર જવાના છે. આ હડતાળ યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ એટલે કે યુએફબીયુએ જાહેર કરી છે. હડતાળનું મુખ્ય કારણ એ છે કે, કર્મચારીઓ અઠવાડિયામાં પાંચ દિવસનું કામ અને બે દિવસની રજા માંગે છે. ૨૦૨૪ના માર્ચ મહિનામાં યુનિયન સાથેની મીટીંગમાં સરકારે આ ફેરફાર કરવાની સમતી આપી હતી. જોકે ત્યાર પછી અઢી વર્ષનો સમય થઈ ગયો હોવા છતાં પણ એનો અમલ થઈ શક્યો નથી. કેન્દ્ર અને રાજ્ય સરકાર, રીઝર્વ બેંક, એલઆઈસી તેમ જ નાબાર્ડમાં પહેલેથી પાંચ દિવસની કામગીરીની વ્યવસ્થા છે. બેંકોના કર્મચારીઓની સંખ્યા પણ ઘટી છે અને કામ વધ્યુ છે એવું યુનિયનનું માનવું છે. જોકે આ ઉપરાંત પણ કામગીરી પ્રમાણે પગાર વધારવાનો પ્રશ્ન પણ છે.

તૃણમુલના બળવાખોર સાંસદોને રાહત

તૃણમુલ કોંગ્રેસ છોડીને એનસીપીઆઈ સાથે જોડાયેલા લોકસભાના ૨૦ સભ્યોને જવાબ આપવા માટે લોકસભાના અધ્યક્ષ ઓમ બીરલાએ ૮ ઓક્ટોબર સુધીનો સમય આપ્યો છે. પક્ષપલ્ટા વિરૂદ્ધ કાયદા હેઠળ એમને અયોગ્ય ઠેરવવાની અરજી પછી લોકસભા અધ્યક્ષએ આ સંસદોને નોટીસ આપી હતી. આ નોટીસનો જવાબ આપવા માટે સાંસદોએ ચાર અઠવાડિયાનો સમય માંગ્યો હતો. નેશનલ સીટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (એનસીપીઆઈ)ના સંસદીય દળના પ્રમુખ કાકોલી ઘોષ દસ્તીદારએ કહ્યું હતું કે સાંસદોએ પોતાનો જવાબ આપવા માટે જરૂરી દસ્તાવેજો મેળવવાના બાકી છે. તૃણમુલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી અભિષેક બેનર્જીએ પત્ર લખીને બળવાખોર સાંસદોની માન્યતા રદ કરવાનો અનુરોધ લોકસભા અધ્યક્ષને કર્યો હતો. ગયા અઠવાડિયે બળવાખોર સાંસદ જગદીશચંદ્ર વર્મા બસુમીયાએ કહ્યું હતું કે ૨૦માંથી ૧૭ એનસીપીઆઈ સાંસદ દુર્ગા પૂજા પહેલા ભાજપમાં જોડાઈ જશે.

'આ કોઈ સામાન્ય વચન નહોતું, નરેન્દ્ર મોદીનું વચન હતુ'

જમ્મુ-કાશ્મીરની વિધાનસભામાં મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ જમ્મુ-કાશ્મીરને પુર્ણરાજ્યનો દરજ્જો ફરીથી સ્થાપીત કરવાની માંગણી કરતો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. પ્રસ્તાવ રજુ થયા પછી સત્તાપક્ષ અને વિરોધ પક્ષ વચ્ચે દલીલો થઈ હતી. પ્રશ્નકાળ પૂરો થયા પછી ઉમર અબ્દુલ્લાએ આ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ઉમરએ કહ્યું હતું કે, કેન્દ્રએ પૂર્ણરાજ્યનો દરજ્જો ફરીથી સ્થાપવાનું વચન આપ્યું હતું. એમણે કહ્યું હતું કે, 'જમ્મુ-કાશ્મીરના લોકોને વચન આપવામાં આવ્યું હતું. પહેલા સીમાંકન, પછી ચૂંટણી અને પછી રાજ્યનો દરજ્જાનું પુનઃસ્થાપન. સીમાંકન અને ચૂંટણીના વચનો પુરા થયા છે અને ચૂંટણીમાં લોકોએ મોટી સંખ્યામાં મતદાન પણ કર્યું હતું. અમે વારંવાર ભારત સરકારને યાદ અપાવ્યું છે કે એમણે જમ્મુ-કાશ્મીરના લોકોને શું વચન આપ્યું હતું. આ વચન ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપ્યું હતું.'

હિન્દીને સત્તાવાર ભાષા ગણવાની પીઆઈએલ સુપ્રિમે ફગાવી

સુપ્રિમ કોર્ટે એક જાહેર હીતની અરજી ફગાવી દીધી છે. આ અરજીમાં કોર્ટની સત્તાવાર ભાષા તરીકે હિન્દીનો સમાવેશ કરવા વિશે માંગણી કરવામાં આવી હતી. દેશના સીજેઆઈ સૂર્યકાંત અને જસ્ટીસ જોય માલ્ય બાગચી અને બી મોહનાની બેંચે કહ્યું હતું કે આ પ્રકારના ઉપાય કોર્ટના હુકમ દ્વારા લાગુ કરી શકાય નહીં. સીજેઆઈ સૂર્યકાંતએ કહ્યું હતું કે, 'આવા નિર્ણયો કોર્ટના હુકમ દ્વારા થઈ શકે નહીં. સુધારાના એક ભાગ તરીકે તેમજ સમયાંતરે આમ થઈ શકે જે અમે કરી રહ્યા છીએ.' સીજેઆઈએ એવું પણ કહ્યું હતું કે સુપ્રિમ કોર્ટ એવી સેવા શરૂ કરી રહી છે કે જેમાં ધીરે ધીરે ક્ષેત્રીય ભાષાઓનો ઉપયોગ પણ વધારવામાં આવશે. એમના કહેવા પ્રમાણે 'અમે તમામ રીપોર્ટનું સંક્ષીપ્ત વિવરણ હિન્દીમાં આપી રહ્યા છીએ. અમે આપણી સંસ્કૃતિની જાળવણી કરીશું અને બીજી ક્ષેત્રીય ભાષાઓને પણ માન આપીશું.'

કૌભાંડકાર અલ્પેશ દોંગા અને 'રોકાણકાર' પિતા-પુત્ર સહિત ૪ સાગરીતોનાં કરતૂત

લોન માટે લલચાવી ખેડૂતોની જમીન પડાવી લેવાનો કારસો: રાજકોટ, અમદાવાદમાં કોલ સેન્ટર ઝડપાયાં

રાજકોટ, શનિવાર

પડધરીના સરપદડ ગામના ખેડૂતને પાંચેક લાખ રૂપિયાની લોન આપી તેની પાસેથી તગડાં વ્યાજ ઉપરાંત મહામૂલી જમીનના દસ્તાવેજ કરાવી લઈને તે છોડાવવાના નામે એકાદ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી ચૂકેલા રાજકોટના અલ્પેશ ગોપાલભાઈ દોંગા સામેની તપાસ દરમિયાન પોલીસે અલ્પેશ આણી મંડળી દ્વારા સસ્તી લોનનાં નામે ખેડૂતોની જમીન પચાવી પાડવા ચલાવાતાં શંકાસ્પદ કારસ્તાનનો પર્દાફાશ કર્યો છે. આ માટે ષડયંત્રકારો દ્વારા રાજકોટ અને અમદાવાદમાં આયોજનબદ્ધ કોલ સેન્ટર પણ કાર્યરત રખાયાં હતાં, જેના પર છાપો મારીને રાજકોટ રૂરલ પોલીસે અલ્પેશ તેમજ રાજકોટના જ અક્ષિત છગનભાઈ વિરડિયા, ચંદુભાઈ છગનભાઈ વિરડિયા, તેના પુત્ર પિયુષ તથા પડધરીના સરપદડના રહેવાસી એવા વચેટિયા હીરેન રતીભાઈ લુણાગરિયાની સંડોવણી જાહેર કરી છે. કોલ સેન્ટર્સમાંથી રાજ્યના આઠ જિલ્લાના જમીનમાલિકોના કાગળો સહિતની સામગ્રી મળી આવી છે, જેના આધારે હવે પોલીસે કોની-કોની જમીનો કૌભાંડીઓએ પોતાનાં નામે કરી લીધી છે, એ સહિતના મુદ્દે ઊંડાણપૂર્વકની તપાસ આગળ ધપાવી છે.

૩૨ આસામીઓના કાગળો બરામદ: રાજકોટ, મોરબી, અમદાવાદ, મહેસાણા સહિત ૮ જિલ્લામાં અનેક લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હોવાના અણસાર

અલ્પેશ દોંગાની ૩ ઓફિસમાં દરોડા પાડીને રાજકોટ શહેર પોલીસની ક્રાઈમબ્રાન્ચે વ્યાજે અપાયેલી રકમ અને બદલામાં છળથી કરાવી લેવાયેલા દસ્તાવેજો અંગે છાનબિન કરી રહી હતી એવામાં રાજકોટ ગ્રામ્ય પોલીસે દોઢ- સો ફૂટ રિંગ રોડ પરના ટ્વિન સ્ટાર સાઉથ બ્લોક બિલ્ડિંગના આઠમા માળે ઓફિસ નં.૮૦૧માં છાપો મારી ફોટોગ્રાફી- વીડિયોગ્રાફી સાથે કાર્યવાહી કરી હતી, જેમાં બહાર આવ્યું કે આ સ્થળે અલ્પેશ અને અક્ષિતે ૧૪ મહિલા કર્મચારીઓને રૂા. ૧૦થી ૧૨ હજારના માસિક પગારે ટેલિકોલર તરીકે નોકરી પર રાખ્યા હતા. આ મહિલા કર્મચારીઓને સ્ક્રીપ્ટેડ પ્રશ્નો આપી રખાતા હતા, જે તેમણે ખેતીની જમીન લે-વેચ કરવા ઈચ્છુકોને મોબાઈલ પરની વાતચીતમાં કરવાના રહેતા હતા. આરોપીઓ અમદાવાદમાં ગણેશ ગ્લોરી, જગતપુરા રોડ, ગોતા ખાતે પણ કોલ સેન્ટર ધરાવતા હોવાનું ખૂલતાં ત્યાં પણ ઝડતી કરવામાં આવી હતી, જેમાં ૪ સીમકાર્ડ, ૩ મોબાઈલ, અલગ-અલગ વ્યક્તિની સહીવાળા ૯ કોરા ચેક, વાઈફાઈ, લખાણ લખેલા ચોપડા, ડાયરી, દસ્તાવેજોની નકલો, ખેડૂતોની જમીનના ૭-૧૨ના ઉતારા, સંમતિપત્રક વગેરે મળી આવ્યાં હતાં.

રાજકોટ રૂરલ એસ.પી. વિજયસિંહ ગુર્જરે જણાવ્યું કે અલ્પેશ અને અક્ષિત તેના કર્મચારીઓ મારફત બાલાજી લોન અથવા ગીતા ચેરિટેબલ ટ્રસ્ટમાંથી બોલતા હોવાના ખોટાં નામે ફોન કરાવડાવી ખેડૂતોને એગ્રિકલ્ચર લોન માટે ભોળવતા હતા. એ ઉપરાંત, શ્રી અષ્ટલક્ષ્મી લોન હાઉસ-ખેતીની જમીન તથા મકાન પર બે કરોડ સુધીની લોન અને ખેડૂતો માટે ૭-૧૨ ઉપર સૌથી વધુ લોન જેવાં લખાણવાળી પત્રિકાથી કિસાનોને આકર્ષવામાં આવતા હતા. તેમને ઓફિસે બોલાવી સાટાખત આધારે લોન આપવાનું કહીને તેમની જાણ બહાર જમીનના દસ્તાવેજ કરાવી લેવાતા હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. અભણ કિસાનોને કહેવાતું હતું કે સબ-રજિસ્ટ્રાર ઓફિસમાં તેઓ મરજીથી જમીન આપી રહ્યા છે એ મતલબનો હકારમાં જવાબ આપવો. બાદમાં, જમીન વેચાણ અંગે સબ-રજિસ્ટ્રાર કચેરી તરફથી મળેલી નોટિસ લઈને ખેડૂત આરોપીઓને મળે ત્યારે તેઓ આવી નોટિસ ધ્યાને ન લેવાનું કહી પોતે રાખી લેતા, કે ફાડી નાખતા અને સ્થળ પર કબજો જે-તે ખેડૂતનો પરંતુ દસ્તાવેજ અલ્પેશના સાગરીતોનો રહે એવો ખેલ પડાતો હતો.

સૂત્રધાર અલ્પેશ (પટેલ ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ, નાનામવા રોડ, રાજકોટ) સાથે અક્ષિત સમગ્ર કૌભાંડમાં બરાબરનો સહભાગી હોવાની તેમજ ચંદુ અને તેનો પુત્ર પિયુષ વિરડિયા રોકાણકારની ભૂમિકામાં અને હીરેન લુણાગરિયા વચેટિયા તરીકે રહેતો હોવાની સરપદડના કેસની ખૂલેલી વિગતો આધારે જસદણ એએસપી નવીન ચક્રવતિ રેપુડી, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટર આર.જે. ગોધમ, એલસીબી પી.આઈ. જે.પી. રાવ, પડધરી પી.આઈ. એમ.જી. ચૌહાણ વગેરે સહિતની ટીમો હવે વિવિધ દિશામાં તપાસ કરી રહી છે. અલ્પેશને અટકાયતમાં લઈ લેવાયો છે અને બાકીનાની શોધખોળ ચાલી રહી છે.

રાજકોટનાં કોલ સેન્ટરમાંથી થોકબંધ સામગ્રી કબજે: ૧૪ ટેલિકોલર પૈકી જેની સંડોવણી ખૂલે તેને આરોપી બનાવાશે

રાજકોટ ખાતેનાં કોલ સેન્ટરમાંથી પોલીસને ૧૪ મોબાઈલ ફોન, ૧ સી.પી.યુ., ૧ વાઈફાઈ રાઉટર, ૪ નવાં સીમકાર્ડ, કોલ રેકર્ડની નોંધવાળી ડાયરીઓ અને ફુલસ્કેપ બૂકો ઉપરાંત જે સામગ્રી મળી છે તે સૌથી વધુ ચોંકાવનારી છે. તેમાં રાજકોટ, મોરબી, જામનગર, સુરેન્દ્રનગર, ભાવનગર, અમદાવાદ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠાના ૩૨ જમીનમાલિકોના ગામ નમૂના નંબર ૭-૧૨, ૮-અ, હક્કપત્રક, બોજાપત્રક તથા આધાર- પાનની નકલો, અન્ય વ્યક્તિઓના કબજારહિત ૪ સાટાખત કરાર, સ્ટેમ્પ પેપર પરનું સોગંદનામું, જુદા-જુદા ખાતેદારોની સહીવાળા ૨૫ ચેક (મોટાભાગના કોરા), અલ્પેશનો એક કેન્સલ ચેક તેમજ નામો-મોબાઈલ નંબરોની યાદીવાળાં અધધધ..૪૦૦ પાનાં, લોન બાબતની વાતચીતનાં લખાણ, શ્રી અષ્ટલક્ષ્મી લોન હાઉસ લખાણવાળાં ૩૦૦ કવર, ૨૦૦ જાહેરાત પત્રિકા સમાવિષ્ટ છે. રાજકોટ રૂરલ પોલીસ વડાએ જણાવ્યું કે ૧૪ મહિલા કર્મચારી પૈકી જેમની સંડોવણી જણાશે તેને આરોપી અને બાકીનાને સાહેદ બનાવાશે.

ફાયનાન્સર સહિત કોઈ મોટાં માથાં સામેલ છે કે કેમ તે સહિતના મુદ્દા ચકાસાશે: વિવિધ જિલ્લાની ફરિયાદોની તપાસની દિશા નક્કી કરાશે

અત્યાર સુધીમાં રાજકોટ શહેર વિસ્તારની ૬ અને રાજકોટ ગ્રામ્ય વિસ્તારની ૭ ફરિયાદો આવી છે, તે ઉપરાંત વિવિધ જિલ્લામાં છેતરપિંડી થયાની ફરિયાદો ખડકાય તો તપાસ એકહથ્થુ રાખવી કે કેમ એ સંદર્ભે રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય તથા રાજ્યના પોલીસ વડાનું માર્ગદર્શન મેળવાશે. રાજકીય નેતાઓની સામેલગીરી હાલ પૂરતી ખૂલી નથી તેમ કહી એસપીએ ઉમેર્યું કે જે કોઈપણ આમાં સામેલ જણાશે તેની સામે કાર્યવાહી થશે. એ ઉપરાંત, ફાયનાન્સર સહિત કોઈ મોટાં માથાંની તેમજ સરકારી કર્મચારી કે અધિકારીની સંડોવણી છે કે કેમ, કબજે થયેલા ૭-૧૨, સાટાખત, ચેક જેમના નામના છે તેઓ આ ટોળકીનો ભાગ બન્યા છે કે કેમ, આરોપીઓ પાસે નાણાં ધીરધારનું માન્ય લાયસન્સ છે કે કેમ, વગેરે તપાસ થશે. બેંક ખાતાં તથા જમીનના દસ્તાવેજો આધારે લેવાયેલાં નાણાં વિશે, કયા આરોપીએ તેમાંથી ક્યાં જમીનો સહિતની મિલકતો વસાવી એ અંગે પણ છાનબિન ચાલી રહી છે.

શ્રી અમદાવાદ વેપારી મહાસંગઠને વિરોધ નોંધાવ્યો

UPI થકી વહેવારો પરચાર્જ ને જીએસટી વેપારીઓના માર્જિન ૧.૫ ટકા ઘટાડશે

(પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ, શનિવાર

યુપીઆઈ થકી કરવામાં આવતા રૂ. ૨૦૦૦થી વધુના મૂલ્યના નાણાંકીય વહેવારો પર ચાર્જ અને ચાર્જ પર જીએસટી લાદવાને પરિણામે ઈલેક્ટ્રોનિક્સ આઈટેમ્સ અને ટી.વી., ફ્રીજ અને એરકન્ડિશનર જેવા વ્હાઈટ ગુડ્સના વેપાર કરનારા વેપારીઓએ વિરોધ નોંધાવ્યો છે. ઈલેક્ટ્રોનિક્સ અને વ્હાઈટ ગુડ્સ ક્ષેત્રમાં મોટા ભાગની પ્રોડક્ટ્સની કિંમત રૂ. ૨,૦૦૦ થી વધુ હોય છે. તેથી આ નિર્ણયની અસર આ સેક્ટર પર સૌથી વધુ થાય છે. સરકારના આ નિર્ણયને પરિણામે વેપારીઓ પર ૧.૧ ટકાથી ૧.૫ ટકાનો ટ્રાન્ઝેક્શન ચાર્જ લાગશે. આ ચાર્જથી બચવા માટે લોકો ડિજિટલ ઈન્ડિયામાં ફરીથી રોકડની લેવડદેવડ તરફ વળશે. પરિણામે નાના વેપારીઓના દૈનિક રોકડના પ્રવાહ પર વિપરીત અસર પડશે.

પરંતુ જો ૨,૦૦૦ થી વધુના યુપીઆઈ પેમેન્ટ પર રૂ. ૫ અને મહત્તમ રૂ. ૩૦૦ના ચાર્જ ઉપરાંત તેના પર ૧૮ ટકા જીએસટી લેવાનું નક્કી કરવામાં આવ્યું છે આ ૧૮ ટકા જીએસટીનો સીધો આર્થિક બોજ વેપારીઓ અને ગ્રાહકો પર પડે છે. હાલમાં બેન્કો કે નેશનલ પેમેન્ટ્સ કોપીરેશન ઓફ ઈન્ડિયા મારફતે કરવામાં આવતા સામાન્ય યુપીઆઈ વ્યક્તિથી વ્યક્તિ અથવા તો વ્યક્તિથી વેપારી વચ્ચેના નાના ટ્રાન્ઝેક્શન પર મર્ચેન્ટ ડિસ્કાઉન્ટ રેટ લેવાતો નથી, એમ શ્રી અમદાવાદ વેપારી મહાસંગઠનના પ્રમુખનું કહેવું છે. તેમનું કહેવું છે કે સરકારે ડિજિટલ ઈન્ડિયાને નામે લોકોને યુપીઆઈથી પેમેન્ટ કરવા તરફ ઘસડ્યા અને રોકડનો વહેવાર ઓછા થયા પછી તેના પર ચાર્જ લગાડીને તથા તે ચાર્જ પર જીએસટી લગાડીને વેપારીઓ પર બોજો વધારી દીધો છે.

તેમનું કહેવું છે કે તેની સીધી અસર વેપારીઓના પ્રોફિટ માર્જિન પર પડશે. વ્હાઈટ ગુડ્સ અને બ્રાન્ડેડ ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનોમાં છૂટક વેપારીઓનો નફાનો ગાળો સામાન્ય રીતે ૩ ટકાથી ૬ ટકા જ હોય છે. આ સ્થિતિમાં રૂ. ૨૦૦૦થી વધુના પેમેન્ટ પર ૧.૧થી ૧.૫ ટકા મર્ચેન્ટ ચાર્જ અને તેના પર ૧૮ ટકા જીએસટી લાગે તો વેપારીના નફામાંથી દોઢથી બે ટકા જેટલો હિસ્સો માત્ર ડિજિટલ પેમેન્ટમાં જતો રહેશે. તેની સાથે જ નાના અને મધ્યમ કદના ઈલેક્ટ્રોનિક્સ વેપારીઓનો ઓપરેશનલ કોસ્ટ વધારે હોય છે.

બેન્ક કે ફિનટેક કંપનીઓ દ્વારા કાપવામાં આવતો ચાર્જ અને તેમના માસિક કેશ ફ્લો પર વિપરીત અસર કરે છે.

ભુજમાં દરોડો પાડી

(છેલ્લા પાનાનું ચાલુ)

જ્યારે ૩ અન્ય છે.

શિશુગૃહ સાથે સંકળાયેલાઓના મતે દત્તક સંતાન લેવા માટે આવતા ૮૦ ટકા દંપતિઓ સંતાન તરીકે દીકરીઓને જ પસંદ કરે છે. એટલું જ નહીં અગાઉ પોતાનું ખૂદનું સંતાન દીકરી હોય તો પણ બીજા સંતાન તરીકે દીકરી જ દત્તક લેવાનું પસંદ કરતાં હોય તેવા માતા-પિતાનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે. ગુજરાતમાંથી ૩ વર્ષમાં કુલ ૪૧ બાળકોને વિદેશમાં રહેતા માતા-પિતા દ્વારા દત્તક લેવાયા છે. જેમાં દીકરાઓ ૧૭ અને દીકરીઓ ૧૭ છે.

ગુજરાતમાંથી દેશ-વિદેશમાં દત્તક લેવાયેલા બાળકો

	દેશમાં		વિદેશમાં	
વર્ષ	દીકરા	દીકરી	દીકરા	દીકરી
૨૦૨૫-૨૬	૨૭૦	૨૬૫	૦૫	૦૭
૨૦૨૪-૨૫	૬૪	૭૮	૦૫	૦૯
૨૦૨૩-૨૪	૫૨	૫૮	૦૭	૦૮

સરકારની મંજૂરીના

(છેલ્લા પાનાનું ચાલુ)

મેનિફેસ્ટોનો પણ એક ભાગ હતી. કુપોષણ સામે લડવાના સરકારના ઉત્તમ અભિગમ અને રૂ. ૧૧૦૪ કરોડનું બજેટ ઉપલબ્ધ હોવા છતાં, શિક્ષણ વિભાગની અણઆવડત અને અંગત સ્વાર્થના કારણે 'કુપોષણ મુક્ત ગુજરાત - તંદુરસ્ત વિદ્યાર્થી' અભિયાન અટકી પડ્યું છે.

શિક્ષણ વિભાગની આ આળસને કારણે આદિવાસી અને વિકાસશીલ તાલુકાના ૧૬ લાખથી વધુ ગરીબ વિદ્યાર્થીઓના મોંમાંથી પોષણયુક્ત આહારનો કોળિયો છીનવાઈ ગયો છે અને સરકારને પણ બદનામી વહોરવી પડી રહી છે.

GUJARAT METRO RAIL CORPORATION (GMRC) LIMITED
(SPV of Govt. of India and Govt. of Gujarat)
Block No.1, First Floor, Karmayogi Bhavan, Sector 10/A, Gandhinagar: 382010, Gujarat. (CIN): U60200GJ2010SGC059407
આપણી મેટ્રો

TENDER NOTIFICATION
Dated : 27.09.2026

E-Tenders are invited from reputed and experienced Contractors for the following tender :

Tender No. and Name	Tender Fees
Tender No.: GMRC/CONS/DEPOT-2/2026 "Development and Construction of Depot Including OCC and Associated E&M Works near Shela of Ahmedabad Metro Rail Project"	INR 25,000/-
Tender No.: GMRC/CONS/STNS+VDCT - 5/2026 "Construction of 8.68 km Elevated Viaduct from Naranpura to Nehrunagar, including 5 Nos. Elevated Stations of Ahmedabad Metro Rail Project"	INR 50,000/-

Interested bidders are requested to visit **https://tender.nprocure.com** for eligibility criteria, applying / downloading the tender document from **07.10.2026 onwards. Last date and time for Bid Submissions is 15:00 Hrs. on 21.11.2026.**

Any alterations in Eligibility Criteria and terms of the Tender Document, or any amendment to the Tender Document, etc, will be uploaded on **https://tender.nprocure.com** and GMRC's Website **www.gujaratmetrorail.com** without any obligation or press notification or other proclamation.

Director (P&P), GMRC

SBI | ભારતીય સ્ટેટ બેંક
સ્ટ્રેસ્ડ એસેટ્સ રીકવરી શાખા : પહેલો માળ, એસબીઆઈ જીમખાના રોડ શાખા, જવાહર રોડ, ત્રિકોણ બાગ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧

સરફેસી એક્ટ પરિશિષ્ટ-૪ એ હેઠળ સ્થાવર મિલકતો ની વેચાણ નોટિસ (જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઈ)

ઈ-હરાજી વેચાણ નોટીસ તારીખ ૧૬.૧૦.૨૦૨૬

સિકયોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ... ની જોગવાઈ વંચાણે લેતા. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા (ઓ) અને જામીનદાર (રો) ને નોટિસ... અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** (નીચેના કોષ્ટક મુજબ) લેવામાં આવ્યો છે, તે સુરક્ષિત લેણદારને બાકી રકમની વસુલાત...

ક્રમ નં.	મિલકતનું વર્ણન	વસુલવાપાત્ર લેણી રકમ	કબજાનો પ્રકાર / તારીખ	ઉધારકર્તા / જામીનદારોના નામ	ટાઈટલ ડીડ હોલ્ડરના નામ	અનામત કિંમત / ઈએમડી / બીડની વધારાની રકમ	નિરીક્ષણની તારીખ અને સમય
૧	**બધા ભાગ અને અંશ સહિતની રહેણાંક મિલકત :** જે પ્લોટ નં. ૧૪૭ અને ૧૪૮, રેવન્યુ સર્વે નં. ૧૧૪/પૈકી-૧, સહજાનંદ પાર્કની જમીન, મેહુલ પાર્ક પાસે, કુલ પ્લોટનો વિસ્તાર ૧૬૮ સ્કે.મી. અર્થાત્ ૨૦૦.૯૨ સ્કે. યાર્ડસ, ગામ : મીરઝાપર, તા. ભુજ ખાતે સ્થિત છે. (Property ID : SBIN200014458293)	તા. ૦૩.૧૦.૨૦૨૩ ની ડિમાન્ડ નોટીસ મુજબની રકમ રૂ. ... + તેના ઉપરનું વ્યાજ ... વગેરે. બાદ રીકવરી ...	પ્રત્યક્ષ કબજો	શ્રી અરૂણ વિશ્વામભાઈ ઠાકર	શ્રી અરૂણ વિશ્વામભાઈ ઠાકર	રૂ. ૨૮,૯૫,૦૦૦ / રૂ. ૨,૮૯,૫૦૦ / રૂ. ૧૦,૦૦૦	૦૮.૧૦.૨૦૨૬ બપોરે ૧.૦૦ થી બપોરે ૨.૦૦

ઈ-હરાજીની તારીખ અને સમય : ૧૬.૧૦.૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ કલાક સુધી - પ્રત્યકે ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત.
ઈ-ઓકશન બંધ થાય તે પહેલા BAANKNET.COM (PSB Alliance) માં પ્રિ-બીડ EMD જમા કરાવી શકે છે...

સરફેસી એક્ટ - ૨૦૦૨ અન્વયે ૧૫ દિવસની સ્ટેચ્યુટરી વેચાણ અંગેની નોટિસ

તારીખ : ૨૭.૦૯.૨૦૨૬, સ્થળ : રાજકોટ
(નોંધ : વાદ-વિવાદના કિસ્સામાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાત માન્ય ગણાશે)
સહી/- અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક, રાજકોટ